
# પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળની જનરલ સભા યોજાઈ



પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા નિવૃત કર્મચારી મંડળ ની વાર્ષિક જનરલ સભા પ્રાંતિજ બાવનગોળ કડવા પાટીદાર સમાજ વાડીખાતે યોજાઈ હતી જેમાં તાલુકા નિવૃત કર્મચારી મંડળ ના સભાસદ ભાઈ- બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળ ની જનરલ સભા તા.૧૯।૩।૨૦૨૩ ને રવિવાર ના રોજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ બાવનગોળ કડવા પાટીદાર સમાજ વાડી ખાતે યોજાઈ હતી જેમાં પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , ગોરધનભાઈ પટેલ , મનુભાઈ પટેલ , ડાૅ.હિમાંશુ પટેલ , ઈશ્વર ભાઈ પટેલ સહિત ના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તો ઉપસ્થિત મહેમાનોનુ ફુલહાર શાલ ઓઢાડી ને સ્વાગત કરવામા આવ્યુ હતુ તો મૃતક સભાસદો ને શ્રધ્ધાંજલી આપીને યાદ કરવામા આવ્યા હતા અને ૭૫ વર્ષથી ઉપરના ૩૫ સભાસદો-સિનીયર સિટીઝનોને ફુલહાર પહેરાવીને શાલ ઓઢાડીને બહુમાન કરવામા આવ્યુ હતુ અને ગત વર્ષ ના અહેવાલ નુ વાંનચ કરવામા આવ્યુ હતુ જેમા ૧૮।૩।૨૦૨૩ સુધીના વાર્ષિક હિસાબો વંચાણે લઈ ને રજુ કરવામા આવ્યા હતા તો તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ જયંતિભાઈ પટેલ , ઉપપ્રમુખ ભક્તિભાઈ પટેલ , મધુભાઈ રાવલ , મંત્રી ગોપાલભાઈ પટેલ , સહમંત્રી અરવિંદભાઈ રાવલ , વિજયસિંહ ઠાકોર , પોપટભાઈ પટેલ , ખજાનચી મણીલાલ પટેલ , કાર્યાલય મંત્રી કાન્તીભાઈ સોલંકી તથા હોદ્દેદારો-કારોબારી સભ્યો સહિત આ જનરલ સભામા નિવૃત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### માવઠાથી નુકસાનીનો તાત્કાલિક સર્વે કરવાની સરકારની સૂચના

# અરવલ્લીમાં ૯૦ ગ્રામ સેવકો સર્વેમાં લાગ્યા પણ ખેડૂતોને સહાયની સંભાવના ઓછી

### સહાય માટે ૪ ઈંચ વરસાદના માપદંડોમાં ખેડૂતોને ફરી અન્યાય થશે

બાયડ, તા.૧૯

ઉનાળુ ખેતીના આરંભે ખેડૂતો ઉપર કુદરત રુઠી છે. ગત રોજ અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસેલા કમોસમી માવઠાથી ખેતી પાકને અગણિત નુકસાન થયું છે. સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરવાની અપાયેલી સૂચનાઓ વચ્ચે જિલ્લામાં ૯૦ગ્રામ સેવકોએ સર્વેની તૈયારીઓ કરી પરંતુ આ વખતે પણ ખેડૂતોને સહાય મળવાની સંભાવના ઓછી છે. સરકાર સહાય માટે ૪ ઈંચ વરસાદના માપદંડોને વળગી રહી છે જેથી ભલે ઉભો પાક માવઠામાં તબાહ થયો હોય પરંતુ ખેડૂતોને તો અન્યાય થવાનો છે. રાજસ્થાનમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે રાજ્ય સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો છે. અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની સીઝનમાં જાણે કે ચોમાસુ બેઠું હોય તે રીતે કરા સાથે તોફાની વરસાદ ત્રાટક્યો જેના કારણે ઘઉં સહિતના પાક ખેતરમાં ચત્તાપાટ થઈ ગયા છે. જ્યારે ચણા, રાયડો, તલ અને જુવાર ઉપરાંત ઘાસચારાને પણ કમોસમી માવઠામાં ભારે નુકસાન થતાં ખેડૂતો ઉપર આફત તૂટી છે. કમોસમી માવઠું વરસતાં રાજ્યના ખેડૂતોને વધતી જતી મોંઘવારીમાં પડતા ઉપર પાટુ પડ્યું જેના કારણે સરકારે ફીર વોહી રફતારની જેમ માવઠાથી નુકસાનીનો સર્વે કરવાના આદેશ આપ્યા છે જેમાં અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય સ્તરે માવઠાની નુકસાનીનો સર્વે કરવા માટે ૯૦ ગ્રામ સેવકોને સૂચનાઓ આપવામાં આવી છે પરંતુ જિલ્લામાં ક્યાંય સરકારના માપદંડ મુજબ ૪ ઈંચ વરસાદ વરસ્યો ન હોવાના કારણે સર્વે ફારસરુપ સાબિત થઈ શકે છે. જિલ્લાના ધનસુરા, બાયડ, ભિલોડા, મેઘરજ, મોડાસા અને માલપુર સહિતના અનેક વિસ્તારોમાં તોફાની વરસાદ અને બરફ વર્ષાના કારણે ખેતી પાકોને નુકસાન થતાં ખેડૂતોને મોટો ફટકો પડ્યો છે પરંતુ સરકારના ધારાધોરણને જોતાં ભલે સર્વે થાય પરંતુ ખેડૂતોને સહાયનો લાભ મળવાની આશા ધૂંધળી છે. અગાઉના વર્ષોની જેમ આ વખતે પણ બાબા આલમ વખતના વરસાદથી નુકસાનીના માપદંડોને કારણે જિલ્લાના ખેડૂતોને અન્યાય થવાની સંભાવના દેખાઈ રહી છે.

# ફાગણના ફોરમની વચ્ચે અષાઢી માહોલ: બનાસકાંઠામાં કરા સાથે કમોસમી વરસાદ

પાલનપુર તા.૧૯

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કરા વરસાદ થયો હતો જેના પગલે ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ હતી.



સાથે વરસાદ થયો હતો જેમાં ૧૪ તાલુકા પૈકી સાત તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી? જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, કમોસમી વરસાદના પગલે ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ છે.હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી જેના પગલે શનિવારે બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. અને આ અંગે ડિઝાસ્ટર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં ૧૪ તાલુકાઓ પૈકી સાત તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે જેમાં બપોરે ચારથી આઠ વાગ્યા દરમિયાન અમીરગઢમાં છ એમએમ ડીસામાં ૧૫ દ્વદ્વ દાંતામાં ૨૦ એમએમ દાંતીવાડામાં છ એમ એમ પાલનપુરમાં એક એમએમ વડગામમમાં સાત એમ એમ સુઈગામમમાં ૧૦ એમ.એ આમ કુલ સાત તાલુકાઓમાં કરા સાથે વરસાદ થયો હતો. તેમ જ અન્ય સાત તાલુકાઓ કોરાધાકોર રહ્યા હતા.

બનાસકાંઠાને સંસ્કાર કાંઠા બનાવવાના ગુરુ મહારાજના અભિયાનને અનુમોદના

# જુનાડીસા ખાતે ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીએ ગુરુ મહારાજના આશીર્વાદ લીધા



ડીસા, તા.૧૯

માદરે વતન જૂના ડીસા ખાતે ગુજરાતના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ પૂજ્ય ગુરુ મહારાજની મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા.આ પ્રસંગે આગમ વિશારદ પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજય તપોરત્ન સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂજ્ય ગણિવર્ય શ્રી કલ્પરક્ષિત વિજયજી મહારાજ સાહેબ અને પૂજ્ય મુનિરાજ શ્રી જ્ઞાનરક્ષિત વિજયજી મહારાજ સાહેબે ખાસ જણાવેલ કે બનાસકાંઠાને સંસ્કાર કાંઠા બનાવવાના અભિયાન સાથે અમે જિલ્લામાં આવ્યા છીએ અને આજે ૬૦ શાળાનાં ૧૭૦૮૭ બાળકો અમારા સંસ્કાર શાળા કાર્યકર્મમાં જોડાયા છે તેમજ આજ સુધીમાં કુલ ૨૪ ગામોમાં સંપૂર્ણ દારૂબંધી થઈ છે અને આશરે ૩૦૦ કિ.મી.જેટલો વિસ્તાર દારૂ મુક્ત થયો છે.તેનાથી ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પ્રભાવિત થઈને જણાવ્યું કે

આ ગૌરવ લેવાં જેવી ઘટના છે.જે ખરેખર અમારું કામ છે એ આપ કરી રહ્યાં છો એમાં અમારો સંપૂર્ણ સાથ-સહકાર રહેશે.તેમ ઉમેરી અભિયાનની ભૂરી ભૂરી અનુમોદના કરી હતી.

# હિંમતનગરના વણઝારા વાસમાં ઉછીના પૈસાની ઉઘરાણી માટે જતાં યુવક પર હુમલો

### જાતિ પ્રત્યે અપમાનિત કરાતાં ૩ જણ સામે એટ્રોસીટીનો ગુનો નોંધાયો

બાયડ, તા.૧૯

હિંમતનગરના વણઝારા વાસમાં ઉછીના પૈસાની ઉઘરાણી માટે ગયેલા એક પેઢીના કર્મચારી ઉપર ઉશ્કેરાયેલા વણઝારા પરિવારના ૩ સભ્યોએ ઘરની બહાર ધસી આવી માર મારવાની સાથે જાતિ પ્રત્યે અપમાનિત કરતાં દંગલ મચી ગયું હતું. ઉશ્કેરાયેલા ઈસમોએ કર્મચારીનો રુ ૧૦ હજારનો મોબાઈલ ફોન, કવરમાં મૂકેલ રુ ૪૮૦૦ની રોકડ રકમ લૂંટી લેવાની સાથે મારી નાખવાની ધમકી આપતાં એટ્રોસીટી તેમજ લૂંટનો ગુનો નોંધાયો છે.

**આરોપી**

કુણાલ લાલાજી વણઝારા
લક્ષ્મીબેન લાલાજી વણઝારા
પ્રકાશ નામનો ઈસમ

પ્રાપ્ત જાણકારી મુજબ હિંમતનગર તાલુકાના બેરણા ગામનો યતિન ધર્માભાઈ વણકર છેલ્લા કેટલાક સમયથી હિંમતનગરમાં સિદ્ધરાજસિંહ પદમસિંહ રહેવરના ત્યાં નોકરી કરતો હોવાથી ચારેક માસ પહેલાં સિદ્ધરાજસિંહ રહેવરે હાથ ઉછીના આપેલ રુ ૪ લાખની ઉઘરાણી કરવા માટે વણઝારાવાસમાં ગયો હતો. વાયદો પૂરો થયે પૈસા આવ્યા ન હોવાથી કર્મચારીને ઉઘરાણી માટે મોકલવામાં આવતાં કુણાલ લાલાજી વણઝારાએ કહેલ કે હું પૈસા બાબતે મારી મમ્મીને વાત કરુ છું તેમ કહેતાં સિદ્ધરાજસિંહે કહેલ કે તારી મમ્મીને અહીં બોલાવ તેમ કહી ફોન કરવા માટે જણાવ્યું હતું. દરમ્યાન લક્ષ્મીબેન લાલજીભાઈ વણઝારાએ હું એકલી છું નહીં આવું મારા દિકરાને ઘરમાં મોકલો તેવી વાત કરતાં કુણાલ વણઝારા લક્ષ્મીબેન વણઝારાને ઘરે લેવા માટે મોકલ્યો હતો. દરમ્યાન કર્મચારી બહાર ઉભો હતો તે સમયે મારી મમ્મીને બોલાવું છું તેમ કહી બહાર બોલાવ્યા પછી કર્મચારીને જાતિ પ્રત્યે અપમાનિત કરી કેમ મારા ઘરે આવ્યો છું તેમ કહી ૩ ઈસમોએ માર માર્યો હતો. રુ ૪ લાખની ઉઘરાણી માટે આવેલા કર્મચારીનો રુ ૧૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન તેમજ કવરમાં ભરાવેલ રુ ૪૮૦૦ની મત્તા પણ લૂંટી લેવામાં આવી હતી. બનાવ અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે તિન ધર્માભાઈ વણકરની ફરિયાદના આધારે એટ્રોસીટી તેમજ લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# તલોદ પંથકમાં કમોસમી વરસાદના કારણે ઘેર-ઘેર માંદગીના ખાટલા



તલોદ, તા.૧૯

તલોદ પંથકમાં સતત કમોસમી વરસાદના કારણે અને બોવડી ઋતુથી લોકોના જનજીવન પર માઠી અસર સર્જાઈ છે. પ્રાઈવેટ દવાખાના અનો સિવિલ હોસ્પિટલો દર્દીઓથી ધમધમી રહ્યા છે. તાવ, માથું દુખવું, શરદી, ઉધરસ, ચક્કર આવવા, શ્વાસ લેવામાં તકલીફ, શરીરમાં દુઃખાવો, ટ્રાઈફોઈડ, મેલેરિયા જેવા અનેક દર્દોએ માથું ઊંચકતાં વહેલી સવારથી જ લાંબી કતારોમાં દર્દીઓથી ઊભરાઈ છે.

કેટલાક લોકોને ઘરના તમામ સભ્યો માંદગીના ભરડામાં હોવાથી ઘરઘથ્થું કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. દવાઓની અછત અને સ્ટાફના અભાવથી સિવિલ હોસ્પિટલની ઝડપી કામગીરી રૂંધાઈ હોવાનું પણ પીડીતા અનો બૂમરાણ કરતા ગ્રાહકો પીડાઈ રહ્યાછે. મોંઘીદાટ લેબોરેટરી ચાર્જીસ તેમજ મેડીકલોની દવાઓની આમ જમતાની સમસ્યા અને સ્થિતિ કફોડી બની છે. પ્રાઈવેટીકરણ દવાખાના મનફાવે તેવી રકમો વસુલી મસામોટી કમાણી કરતા રાજયના આરોગ્ય વિભાગ ઘોર નિંદ્રામાં હોવાનું પણ લોકો ઊચ્ચારી રહ્યાછે.

કમોસમી વરસાદના કારણે અંધારપટ વાતાવરણ વિજળી ના કડાકા અને પવનના સુસવાટાથી મોતી જોવા કાચા સોનાથી ઠંડીનું મોજું ફરી વધ્યું છે. જયારે બપોર પછી બાફ મારતી ગરમીના વાતાવરણથી શરીરની સ્થિતિ કફોડી બની છે. વારંવાર હવામાન વિભાગની આગાહીથી વાતાવરણમાં બદલાવના કારણે ઉંમરલાયક ઘરડા માણસો બીપીમાં વધઘટ, ચક્કર, માથું અને શારીરીક અશક્તિના કારણે ઘેર બેઠા કેટલાક દર્દીઓ ભૂમરાણ કરી તંત્ર દ્વારા એલર્ટ થવાની માંગ ઊઠી છે.

# પ્રાંતિજના મજરા ચેક પોસ્ટ નજીક બેભાન હાલતમાં ઈસમ મળી આવ્યો

### ઈસમને એમ્બ્યુલન્સ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો : સારવાર દરમ્યાન અજાવ્યા ઈસમનુ મોતઃ પ્રાંતિજ પોલીસે મૃતક ઈસમના પરિવારની શોધખોળ હાથધરી




પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મજરા ચેક પોસ્ટ પાસેથી બેભાન હાલતમા અજાવ્યો ઈસમ મળી આવતા સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો જે ઈસમ નુ સારવાર દરમ્યાન મોત નિપજયુ તો પોલીસે ઈસમ ના પરિવાર ની શોધશોળ હાથ ધરી. પ્રાંતિજ ના મજરા પાસે આવેલ ચેકપોસ્ટ નજીક બ્રીજ ના છેડે એક ઈસમ બેભાન હાલતમા મળી આવતા તેને એમ્બ્યુલન્સ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો જયા સારવાર દરમ્યાન અજાણ્યા ઈસમ નુ મોત નિપજયુ હતુ તો મૃતક ઈસમ પાસે કોઈ ફોન કે કોઈ આધાર પુરાવા પણ મળી આવેલ નથી તો પ્રાંતિજ પોલીસ દ્વારા આ મૃતક અજાવ્યો ઈસમ કોન હતો અને તેના પરિવાર ની શોધ ખોળ હાથધરી હતી અને આ મૃતક ઈસમ વિરૂધ્ધ કોઈ પણ પ્રકાર ની માહિતી મળે તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન નો નંબર-૨૭૭૦-૨૩૩૦૭૬ ઉપર સંપર્ક કરવા જણાવવામા આવ્યુ છે.









આશીર્વાદ હોસ્પિટલ તલોદ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન થયેલું.. કેમ્પ મા ફિજીશીયન, ગાયનેક અને પીડીયાટ્રીક વિભાગ ના મળી કુલ ૧૨૫ જેટલા દર્દીઓએ ભાગ લીધેલ કેમ્પ મા તપાસ, લેબોરેટરી, એક્સરે, ઈસીજી, સોનોગ્રાફી તદન મફત રાખવામાં આવેલા હતા, કેમ્પ મા આશીર્વાદ હોસ્પિટલ ના ફિજીશીયન ડૉ કુલદીપ શ્રીમાળી, ગાયનેક ડૉ મેહુલ દરજી, પીડીયાટ્રીક ડૉ અનીશ સૉન્સ અને મેડિકલ ઓફિસર ડૉ મિત પટેલે ઉમદા સેવાઓ આપેલ કેમ્પ ને સફળ બનાવવા બદલ ડોક્ટર મિત્રો, આશીર્વાદ સ્ટાફ પરીવાર તથા દરેક ભાગ લેનાર દર્દીઓ નો હોસ્પિટલ વતી ડાયરેક્ટરોએ તમામ નો આભાર વ્યક્ત કર્યો હતો.

## આજે વિશ્વ ચકલી દિન...

# લુપ્ત થતી ચકલીઓનો કલરવ ફરી ગુંજતો કરવા શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા અબોલા જીવ બચાવો અભિયાન...

### ઉત્તમ ગુજરાતના ગ્રામ્ય અને શહેરોમાં વિનામૂલ્યે ૧ લાખ ૨૫ હજાર પાણીના કુંડા અને પક્ષીઘરનું વિતરણ કર્યું








ગાંભોઈ, તા. ૧૯

દર વર્ષે ૨૦મી માર્ચના રોજ ચકલી દિવસ તરીકે આપણે સૌ ઉજવતા આવ્યા છીએ પરંતુ દરેક ઋતુમાં ચકલી જેવા અબોલા પક્ષીઓને પાણી આહાર અને રહેવાની કાયમી વ્યવસ્થાની ચિંતા કરનાર માનવી ભાગ્યે જ નજરે પડે છે ત્યારે સુકા રણમાં મીઠીવીરડીની જેમ અબોલા પક્ષીઓ માટે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પુનાસણ ગામે શ્રવણ સુખધામ સંસ્થાના ટ્રસ્ટી ઈન્દુબેન એસ.પ્રજાપતિએ "પક્ષી બચાવો, વિહંગનો વિસામો.." અભિયાન હેઠળ લુપ્ત થતી ચકલીઓ અને અન્ય અબોલા પક્ષીઓને જીવતદાન માટે અનોખા સેવા યજ્ઞનો આરંભ કરેલ છે.

વર્તમાન સમયમાં ચકલી જેવા અબોલા પક્ષીઓના અસ્તિત્વને ટકાવી રાખવા શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા ઉત્તર ગુજરાતના જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ઘરે-ઘરે માટીનું પાણી ના કુંડા અને પક્ષીઘરનું વિનામૂલ્યે વિતરણ કરી વરસાદી ચોમાસામાં, ધગધગતા ઉનાળામાં અને કાતિલ ઠંડીસમા શિયાળામાં અબોલા પક્ષીઓના જીવનની રક્ષા માટે સેવાકીય માનવ કાર્ય કરતા સંસ્થાના ટ્રસ્ટી ઈન્દુબેન પ્રજાપતિના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા ૧ લાખ ,૨૫ હજાર ઉપરાંત ચકલી પક્ષીઓ માટે માટીના માળાઘર અને પાણીના કુંડાનું વિતરણ કરેલ છે. ઉનાળાની ઋતુમાં આ અભિયાનને તેજ બનાવી ગામડાં અને શહેરોમાં વધુને વધુ કુંડા અને પક્ષીઘરનું માનવીના રહેઠાણ વિસ્તારોમાં ઘર ઘર સુધી પહોંચે તે માટે આયોજન કરાયું છે. સંસ્થા ના આ અભિયાનને વેગ આપવા લોકજાગૃતિ માટે ગુજરાતમાં માયાભાઈ આહીર, હેમંત ચૌહાણ, કિરણ પ્રજાપતિ સહિત અનેક કલાકારોએ અને સાહિત્યકારોએ આ સેવા કાર્યને બિરદાવ્યું છે. સેવા સાદગી કર્તવ્યનિષ્ઠાનો પર્યાય બનેલા ટ્રસ્ટી ઈન્દુબેન પ્રજાપતિએ શ્રવણ સુખધામ સંસ્થાના સાચા અર્થમાં મહિલા કર્મયોગી બની અબોલા પક્ષીઓના જીવ બચાવવાનું મહાઅભિયાન શરૂ કરી છેવાડાના માનવી સુધી જીવ દયા પ્રેમનો સંદેશો પહોંચાડયો છે.

#### મહિલા કર્મયોગી ઈન્દુબેનને સન્માનિત કરાયા...



"પક્ષી બચાવો.. વિહંગનો વિસામો.." અભિયાનના પ્રણેતા અને શ્રવણ સુખધામ સંસ્થાના ટ્રસ્ટી ઈન્દુબેન એસ.પ્રજાપતિએ નિસ્વાર્થ ભાવે પોતાના અમૂલ્ય સમયનું યોગદાન આપી કરેલ સેવા કાર્ય બદલ અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર સંઘ દ્વારા સંસ્થાના સેવા કાર્યને બિરદાવી સન્માનિત કરાયા હતા.